# ગુજરાતી આર્ય એસોસિએશન - લેસ્ટર

# GUJARATI ARYA ASSOCIATION - LEICESTER

CHARITY REGISTRATION No. 515632

**49 HILDYARD ROAD LEICESTER • LE4 5GG • TEL : 0116 261 1793**

ॐ ॐ

PRESIDENT:
ચીમનભાઈ બી. ચાંપાનેરીઆ
CHIMANBHAI B. CHAMPANERIA
1 WAVERTREE DRIVE,
LEICESTER LE4 7NX
TEL : 0116 221 84 36

SECRETARY:
મુકેશભાઈ સી. બલસારા
MUKESHBHAI C. BULSARA
56 ENGLEFIELD ROAD
LEICESTER LE5 6PG
TEL : 0116 241 2303

## આર્ય પત્રિકા

ISSUE No. 238 www. gaa-leicester.com AUGUST 2008

---

### મંડળની અને કલબની જનરલ સભાઃ
**શુક્રવાર તા. ૨૨.૦૮.૦૮, સાંજે ૭.૦૦ વાગે.**

સમાજના હોલમાં શુક્રવાર તા. ૨૨.૦૮.૦૮ ના રોજ સાંજે ૭.૦૦ વાગે ૨૦૦૭ વર્ષના હીસાબની મંજુરી માટે જનરલ સભા બોલાવી છે. તો સૌ જ્ઞાતિજનોને વેળાસર હાજર રહેવા વિનંતી છે. જેના એજન્ડા નીચે પ્રમાણે છે.

**એજન્ડાઃ** ૧) પ્રાર્થના, ૨) ૨૦૦૭ વર્ષના હીસાબની ચર્ચા અને મંજુરી, ૩) બિલ્ડિંગ પ્રો.ની ચર્ચા અન્ય કામકાજ, ૪) શાંતિ પાઠ.

### પ્રાથમિક અંગ કસરતોઃ

દર બુધવારે હોલમાં બેઝીક અંગ કસરત કરાવતા હતા જે અત્યારે, નવરાત્રિ માટે સંગીતકારોની પ્રેકટીશ શરૂ થઈ હોવાથી મુલતવી રાખવામાં આવેલ છે. જો કે જોઈએ તેટલી સંખ્યા થતી ન હતી. પાંચ-દશ વ્યકિતઓ આવતી પરંતુ વધારેમાં વધારે પંદરથી વીસ વ્યકિતઓ આવે તો આ પ્રવૃત્તિ ફરીથી શરૂ કરીશું. જે માટે મક્કમ નિર્ણય કરી નિયમિત આવી શકે એવા વીસથી પચ્ચીસની સંખ્યા જોઈશે. આ પ્રાથમિક અંગ કસરતો નાં કલાસીસ પાછા કયારે શરૂ થશે તે નોટીશ બોર્ડ પર જણાવવામાં આવશે અથવા આવતી પત્રિકામાં જણાવવામાં આવશે.

### નવરાત્રિ માટે સંગીતકારોની પ્રેકટીશઃ

દર બુધવારે અને શુક્રવારે સાંજે ૭.૩૦ થી ૯.૩૦ સુધી નવરાત્રિ દરમ્યાન માતાજીના રાશ-ગરબા ગાવા માટે તેમજ સંગીતની પ્રેકટીશ શરૂ કરી છે. જેઓએ માતાજીની સેવામાં માનદ સેવા આપવી હોય તેઓએ ઉપરના સમયે વેળાસર પ્રેકટીશ માટે આવી જવા વિનંતી છે. સંગીતકારોની ટીમમાં આપનાં નામો એડવાન્સમાં લખાવશો. ચાલુ નવરાત્રિ દરમ્યાન છેલ્લી ઘડીએ, કોઈ પણ વ્યકતિ ગાવા માટે અથવા વગાડવા માટે તૈયારી બતાવશે જે સ્વીકારવામાં આવશે નહીં.

### દિવાળી પ્રોગ્રામઃ

મંડળનો દિવાળી પ્રોગ્રામ રવિવાર તા ૯.૧૧.૦૮ નાં રોજ સવારે ૧૧ વાગ્યાથી હોલમાં રાખવામાં આવેલ છે. મિષ્ટાન ભોજનની સાથે બાળકોની કલ્ચરલ આઈટેમો રજુ કરવામાં આવશે. જે બાળકો આઈટેમો રજુ કરવાના હોય તેઓએ વેળાસર કલ્ચરલ સેક્રેટરીનો સંપર્ક કરી તમારી એન્ટરી મેળવી લેવા વિનંતી છે. ટીકીટનાં ભાવ ફકત £૪.૦૦ રાખેલ છે. ટીકીટો ટુંક સમયમા અથવા નવરાત્રિ દરમ્યાન વેચવામાં આવશે. મહાસભા પ્રોગ્રામની ટીકીટો પણ નવરાત્રિ દરમ્યાન વેચવામાં આવશે. આ વખતે દિવાળી પ્રોગ્રામમાં રંગોલી હરિફાઈ રાખવાનાં છે. જેથી તમારી રંગોળી બોર્ડ પર અથવા થાળીમાં તૈયાર કરી લાવી મંત્રીશ્રીને જાણ કરવા વિનંતી છે.

Diwali Programme will be held on 9.11.08 at 11.00am Vegetarian dinner will be served Tickets £4 who ever wants to take part in our Cultural Programme please do contact our Cultural Secretary. Please note this time we will be holding a Rangoli Competition.

### સમાજના હોલનાં ભાડામાં થયેલો વધારોઃ

છેલ્લા ત્રણ વરસથી હોલનાં ભાડામાં વધારો ન થયો હતો પરંતુ ચાલુ વર્ષમા ગેસ, લાઈટ અને પાણીનાં બિલોમાં ધરખમ વધારો થયો હોવાથી કમિટિએ વિચારણાં કરી, હોલનાં ભાડામાં થોડો વ્યાજબી રીતે વધારો કર્યો છે. જોકે આપણાં હોલની સાઈઝનાં બીજા હોલો કરતાં આપણાં હોલનું ભાડું હજી ખુબજ સસ્તુ છે. જેથી આપને ત્યાં કોઈ પણ પ્રસંગ માટે સમાજનો જ હોલ ભાડે રાખવાનો આગ્રહ રાખો. જેમને ભાડા અંગે જાણકારી મેળવવી હોય તો હોલમાં બુકીંગ ઓફીસનો સંપર્ક કરવાથી જાણકારી મળશે.

**અવસાન સમયે એકજ દિવસે બેસણું રાખવા વિનંતીઃ**

જ્ઞાતિ ભાઈને ત્યાં અવસાન પ્રસંગે બધા સગા-સ્નેહી, મિત્રોજનો દરરોજ સમય કસમયે બેસવા જતા હોય છે. જેથી જેમને ત્યાં અશુભ પ્રસંગ બન્યો હોય તેઓને ખુબજ અડચણ અને અગવડતા અનુભવવી પડતી હોય છે. જેથી દેશની માફક બેસણાંની વિધિ એકજ દિવસે રાખવાની પ્રથા અહીં અપનાવા જેવી છે. જેથી એકજ દિવસે, એકીસાથે બધા ભેગા મળી શાંતિ પાઠ-ભજન જે કંઈ બેસણાં માટે વિધિ કરવાની હોય તે થઈ શકે, જે માટે જેમને ત્યાં અશુભ પ્રસંગ બન્યો હોય તેઓએ, આ સમાચાર બધાને આપે તેની સાથેજ કહી દેવું કે આ દિવસે આ સમયે અને આ સ્થળે બેસણું રાખ્યુ છે. અથવા તો ફયુનરલનાં સમયે જાહેરાત કરી દેવાની. બેસણાં માટે, અને બારમા-તેરમાં માટે આપણે સમાજનો હોલ ખાલી હોય તે સમયે વાપરવા માટે આપીએ છીએ તેની નોંધ લેશો. ગેસ-લાઈટ-પાણી નાં બીલોનો ભાવ વધવાથી, ગેસ, લાઈટ અને પાણી બીલનો ખર્ચ કવર થાય એટલું ડોનેશન મળે એવી અપેક્ષા રાખીએ છીએ.

આ બેસણાં માટે તેમજ બારમુ-તેરમું માટે લેસ્ટર, બર્મીંગહામ અને લંડન મંડળે, સમાજનો હોલ જ્ઞાતિજનોને વાપરવા આપવા માટે સામુહીક નિર્ણય લીધેલ છે. આ જાહેર વિનંતી મહાસભાની પત્રિકામાં પણ આવશે. જેથી વેલીંગ્બ્રો, કોવેન્ટ્રી, લફબ્રરો, મેલ્ટનમોબ્રી, અથવા યુ.કે.નાં જ્ઞાતિજનોને ત્યાં આવા પ્રસંગો માટે લેસ્ટરનો હોલ ખાલી હોય ત્યારે વાપરવા મળશે. જેથી આવા પ્રસંગોએ સંપર્ક સાધવા વિનંતી છે.

**શ્રાધ્ધનાં ભજનઃ શુક્રવાર તા. ૧૯.૦૯.૦૮ પાંચ વાગ્યેથીઃ**

સમાજના હોલમાં આ વખતે શ્રાધ્ધનાં ભજન ટાંણે ભોજન વ્યવસ્થા કરવાનાં છે. પ્રથમ ભોજન સાંજે પાંચ વાગેથી શરૂ કરી ૭.૪૫ થી ભજનની રમઝટ બોલાવવામાં આવશે. જેથી મોટી સંખ્યામાં સૌને પધારી ભોજન પ્રસાદી લઈ ભજનનો લાભ લેવા વિનંતી છે. રામ કૃષ્ણ ભજન મંડળનાં મહેશભાઈ ચૌહાણ ગ્રુપ દ્વારા ભજનની ધુન બોલાવવામાં આવશે.

**મહાસભા દિવાળી પ્રોગ્રામઃ**

રવિવાર તા. ૨.૧૧.૦૮ સવારે ૧૧.૦૦ વાગ્યાથી ફરી એકવાર મહાસભા વતિ ભવ્ય દિવાળી પ્રોગ્રામનું આયોજન બર્મીંગહામ મુકામે કર્યુ છે. સૌને વેળાસર ટીકીટો મેળવી લેવા વિનંતી છે. બર્મીંગહામ ખાતે ૨૦૦૦ માણસોની કેપીસીટી સાથે અદ્યતન સગવડતાવાળો હોલ બન્યો છે. જે હોલ ટુંક સમયમાં ખુલે છે. આ હોલમાં મહાસભાનો ભવ્ય અને અનોખો પ્રોગ્રામ રાખ્યો છે. જેમાં મનોરંજન માટે પ્રખ્યાત મ્યુઝીકલ ગ્રુપ સાથે વેઈટર સર્વીસ સાથે થ્રી કોષ મીલ પીરશવામાં આવશે, છેવટે આઈસ્ક્રીમ અથવા ફ્રુટસલાડ આપવામાં આવશે. કોઈને પણ ફુડ લેવા લાઈન લગાવવાની ધમાલ કરવાની રહેશે નહીં - ખુરશી પર બેઠા બેઠા જ તમને ડીનર પીરશવામાં આવશે. આપ સૌની લહેજત માટે બાર ફેસીલીટી ઉપલબ્ધ હશે. હોલનું સરનામુ છે. 4 New Bingley hall, Hockley Circus, Birmingham. 18.

ટીકીટોનું વેચાણ ટુંક સમયમાં કરવામાં આવશે. આપને જરૂરી ટીકીટો વેળાસર મંત્રીશ્રી પાસે મેળવી લેશો. દરેક ખુરશી રોકનારે ફરજિયાત ટીકીટ લેવાની રહેશે. દરેકને એકજ ભાવે ટીકીટ મળશે. કોઈપણ ઉંમરના બાળકો માટે ઓછો દર નથી જેની નોંધ લેશો. ટીકીટનાં ભાવ - £15 (પંદર પૌંડ) રાખ્યા છે. (કોચના દર £7)

**મંડળના આગામી કાર્યક્રમોઃ *Forthcoming Events***

***Sharadh Bhajan : Friday 19.09.08 at 5.00pm***
*Bhajan will start after evening meal, at our hall Please do welcome everybody. Bhajan group will be Ram Krishna Bhajan Mandal participanting by Mahesh Chauhan Family & Shobhnaben etc.*

**નવરાત્રિ પ્રોગ્રામ :** મંગળવાર તા. ૩૦.૦૯.૦૮ થી ગુરૂવાર તા. ૦૯.૧૦.૦૮ સુધી સાંજે ૭.૩૦ વાગ્યા થી
**આઠમ આરતી અને હવન :** મંગળવાર તા. ૭.૧૦.૦૮
**આરતી કમ્પીટીશન :** શુક્રવાર તા. ૩.૧૦.૦૮
**ફેન્સી ડ્રેશ કમ્પીટીશન :** રવિવાર તા. ૫.૧૦.૦૮
**શરદ પુનમ :** મંગળવાર તા. ૧૪.૧૦.૦૮
સાંજે ૭.૩૦ વાગ્યાથી

**ટીકીટનાં ભાવ ફકત £1**

**Navratri Programme :**
***Tuesday 30.09.08 till Thursday 9.10.08 at 7.30 pm***
**Aatham Havan & Evening Aarti:**
***Tuesday 7.10.08***
**Aarti Competition: *Friday 3.10.08***
**Fancy Dress Competition : *Sunday 5.10.08***
**Sharad Poonam: *Tuesday 14.10.08***
**Tickets Only £1 per person**
**Diwali Programme:**

**ન્યુ ઈયર ઈવ પ્રોગ્રામ :** બુધવાર તા. ૩૧.૧૨.૦૮, ૮.૦૦ વાગ્યે સાંજે

**New Years Eve Programme :**
***Wednesday 31.12.08, 8.00pm sharp***

**વેબસાઈટની મુલાકાત લ્યોઃ**

હવેથી આપણે ઈન્ટરનેર પર વેબસાઈટ શરૂ કરી છે. દરેકને વિનંતી છે કે મંડળની પ્રવૃત્તિની જાણકારી માટે વેબ સાઈટની મુલાકાત લ્યો. મંડળની વેબસાઈટ નીચે મુજબ છે.

**PLEASE VISIT OUR WEBSITE**
Please note we started our website if you want to know about our activities please go along on our website. Our website is
**www.gaa-leicester.com**

### બ્લેકપુલ - પ્રેસ્ટનની ડે ટ્રીપઃ

શનિવાર તા. ૨૭.૯.૦૮ બ્લેકપુલ લાઈટ શો તેમજ પ્રેસ્ટન મંદિરની સુલાકાતે જવા માટે મંડળ વતિ ડે ટ્રીપનું આયોજન કરવામાં આવેલ છે. આપના નામો વેળાસર લખાવા વિનંતી છે. ટીકીટનાં ભાવ દીઠ વ્યકિત **£13** રાખ્યા છે. એ દિવસે સવારે ૮ વાગે કોચ ઉપડશે. કોચ પ્રથમ પ્રેસ્ટન મંદિરના દર્શને જશે. ત્યાં દર્શન કરી ભોજન વ્યસ્થા કરવામાં આવી છે. બપોરે ૧.૩૦ વાગે કોચ પ્રેસ્ટનથી બ્લેકપુલ રવાના થશે. ત્યાંથી રાત્રે લાઈટ શો જોયા બાદ રાત્રે ૧૧ વાગે કોચ લેસ્ટર આવવા રવાના થશે. કોચમાં જગ્યા પ્રમાણે નામો લખાવા શરૂ થયા છે. આપના નામો વેળાસર નોંધાવા વિનંતી છે. કોચમાં દારૂ પીવાની મનાઈ છે. જેની નોંધ લેશો.

**<u>Day Trip to Blackpool-Preston</u>**

*We organised day trip to Blackpool light show on Saturday 27.09.08 . First of all we will be visiting Preston Temple and dinner will be served at the temple. At 1.30pm we will leave to Blackpool. After the lightshow over 11.00pm. Our coach will depart for Leicester . Tickets £13 per person return. Please book your ticket in advance on first come first base. Alcohol is prohibited in the coach.*

### હોલમાં ફોટા મુકવા £૧૦૦૧ પૌંડનું ડોનેશન મળ્યું:

સા. સ્વીકાર. શ્રીમાન હસમુખભાઈ છગનભાઈ પરમાર ફેમીલી અને શ્રીમાન સુરેન્દ્રભાઈ છગનભાઈ પરમાર ફેમીલી તરફથી એમના સ્વર્ગસ્થ માતા પિતાનો ફોટો હોલમાં રાખવા માટે £૧૦૦૧ નું ઉમદા ડોનશન મળ્યુ છે. સાભાર સ્વીકાર. એઓના માતૃશ્રી સ્વ. ઈચ્છાબેન છગનભાઈ પરમાર અને પિતાશ્રી સ્વ. છગનભાઈ મકનજીભાઈ પરમારનો ફોટો હોલમાં મુકવામાં આવ્યો છે. આવું ઉમદા ડોનેશન આપવા બદલ આ પરિવારનો મંડળ વતિ ઘણો આભાર.

**Received £1001 Donation with thanks:-**

*Received £1001 Donation from Mr & Mrs Hasmukhbhai Chhaganbhai Parmar family & Mr & Mrs Surendrabhai Chhaganbhai Parmar family to keep their late parents' :- (Late Mrs. Ichchhaben Chhaganbhai Parmar & Late Mr Chhaganbhai Makanjibhai Parmar) Photograph in our hall.*

*We would like to thank both families for their generous donation.*

### ડીનર એન્ડ ડાન્સ પ્રોગ્રામઃ

શુક્રવાર તા. ૫.૯.૦૮ સાંજે ૮ વાગ્યાથી ગુ.આ.એ. લડંન મંડળના બિલ્ડિંગ પ્રોજેક્ટ ના લાભાર્થે એક ડીનર એન્ડ ડાન્સ પ્રોગ્રામનું ભવ્ય આયોજન આપણા સમાજનાં હોલમાં શુક્રવાર તા. ૫.૯.૦૮ ના રોજ સાંજે ૮ વાગ્યાથી કરવામાં આવેલ છે. મનોરંજન માટે ઈન્ડિયાથી આવેલ પ્રખ્યાત ગ્રૃપ ''ઓરકેસ્ટ્રા નવરંગ'' નું આયોજન કરવામાં આવેલ છે. વેજ અને નોન વેજ ડીનર આપવામા આવશે. ટીકીટ ફકત £૧૦ વ્યકિત દીઠ રાખેલ છે. આપને જરૂરી ટીકીટો વેળાસર લીફલેટમાં બતાવ્યા પ્રમાણે લઈ લેશો. વધુ વિગત માટે સામેલ લીફલેટ જુઓ. લંડન મંડળના લાભાર્થે એક મદદ રૂપ થવા માટે પણ દરેકે આ પ્રોગ્રામમાં આવવુ જોઈએ.

### મંડળને વાસણ ભેટ મળી સા. સ્વીકારઃ

૧. ગં. સ્વ. લક્ષ્મીબેન રણછોડભાઈ દલા ચૌહાણ તરફથી કીચન વપરાશનાં વાસણ માટે **£25** ભેટ મળ્યા છે. સા. સ્વીકાર.

**£25 Donation received from Mrs. Laxmiben Ranchhodbhai Dala Chauhan for kitchen utensils. Thankyou.**

૨. શ્રીમતિ રમીલાબેન મોહનલાલ પરમાર તરફથી કીચન વપરાશનાં નાના - મોટા વાસણ અને ચમચાની ભેટ મળી છે. સા. સ્વીકાર.

*Gift utensils received as a donation from Mrs. Ramilaben Mohanlal Parmar. Thankyou.*

**૩. કોમ્યુનીટી મેમ્બરને બાર ડીસ્કાઉન્ટઃ**

કોમ્યુનીટી મેમ્બર હોલ ભાડે રાખે ત્યારે બાર ફેસીલીટીની જરૂર હોય ત્યારે જ્ઞાતિભાઈ માટે ડીસ્કાઉન્ટ રેઈટ પર બીયર અથવા બીજુ ડ્રીંક સપ્લાય કરવામાં આવશે જેની નોંધ લેશો. જેથી જ્ઞાતિભાઈઓને વિનંતી છે કે આપણી બાર ફેસીલીટીનો ઉપયોગ કરવા વિનંતી છે. ***If community member book our bar facilities will provide discount rate for beer or other drinks.***

## નોરીનોમઃ

નોરી નોમ કાર્યક્રમ તા. ૧૦.૦૮.૦૮ નાં રોજ હતો પરંતુ ઓછી સંખ્યાને અભાવે કાર્યક્રમ કેન્સલ કરવામાં આવ્યો છે. તેની નોંધ લેશો.

**લગ્ન નોંધઃ**

૧. શ્રીમાન પ્રવિણભાઈ સી. ચૌહાણ અને શ્રીમતિ દિક્ષિતાબેન ચૌહાણનાં સુપુત્રી ચિ. જૈમિનીનાં શુભ લગ્ન બર્મીંગહામ નિવાસી શ્રી સન્મુખભાઈ દયારામભાઈ પરમાર અને શ્રીમતિ અરૂણાબેન પરમારનાં સુપુત્ર ચિ. નિલેષકુમાર સાથે તા. ૨૮.૧૦.૨૦૦૭ નાં રોજ થયા છે. આ શુભ પ્રસંગે શ્રી પ્રવિણભાઈ સી. ચૌહાણ પરિવાર તરફથી £૨૫.૨૫ લગ્ન ભેટ મળી છે. સા. સ્વીકાર.

૨. શ્રીમાન ઈશ્વરભાઈ જેરામભાઈ બલસારા અને શ્રીમતિ સુમિત્રાબેન ઈશ્વરભાઈ બલસારાનાં સુપુત્ર ચિ. શૈલેષ કુમારના શુભ લગ્ન શ્રીમતિ ચંદ્રીકાબેન વાઢેરની સુપુત્રી ચિ. રૂપા સાથે થયા છે. આ શુભ પ્રસંગે બંને પક્ષ તરફથી £૨૫.૨૫ પ્રમાણે લગ્ન ભેટ મંડળને મળી છે. સા. સ્વીકાર.

૩. શ્રીમાન કિર્તિકુમાર નરોત્તમદાસ પરમાર અને અ. સૌ. નિર્મલાબેન પરમાર (મુંબઈ નિવાસી) નાં સુપુત્રી ચિ. કૃતિનાં શુભ લગ્ન બર્મીંગહામ નિવાસી શ્રી ધીરજભાઈ મોરારભાઈ નરસી અને શ્રીમતિ ધનલક્ષ્મી ડી. નરસીના સુપુત્ર ચિ. સંજય સાથે થયા છે. આ શુભ પ્રસંગે બંને પક્ષ તરફથી મંડળને £૨૫.૨૫ પ્રમાણે ભેટ મળ્યા છે. સા. સ્વીકાર.

૪. શ્રી ગોપાળભાઈ રણછોડભાઈ પરમાર (નવસારી) નાં સુપુત્ર ચિ. બિપિનચંદ્ર (હાલ લેસ્ટર) નાં શુભ લગ્ન અમદાવાદ નિવાસી શ્રી ચંદ્રકાંત ગોવિંદજી ભંડારીની સુપુત્રી ચિ. યક્ષિતા (બર્મીંગહામ) સાથે થયા છે. આ શુભ પ્રસંગે બંને પક્ષ તરફથી £૫.૨૫ ભેટ મળ્યા છે. સા. સ્વીકાર.

૫. શ્રી વલ્લભભાઈ ઝીણાભાઈ ચૌહાણ ની સુપુત્રી ચિ. આરતી નાં શુભ લગ્ન તા. ૨૭.૦૭.૦૮ ના રોજ થયા છે. આ શુભ પ્રસંગે મંડળને £૧૧ ભેટ મળ્યા છે. સાભાર સ્વીકાર.

ઉપરોકત દરેક નવદંપતિને મડંળ વતિ શુભ આશિર્વાદ.

**અવસાન નોંધઃ**

૧ શ્રી છગનભાઈ ભીખાભાઈ પરમાર (અષ્ટગામ વાળા) ૭૨ વર્ષની ઉંમરે દેવલોક થયા છે.
***Chhaganbhai Bhikhabhai Parmar passed away at the age of 72 years.***
***10 The Pines, Uppingham Road, Bushby, Leics. LE7 9RN. Tel 0116 241 2721***

૨ શ્રી રવજીભાઈ ગાંડાભાઈ ચૌહાણ (નૈવાસા વાળા) ૭૬ વર્ષની ઉંમરે દેવલોક થયા છે. એમના પુણ્યાર્થે મંડળને £૨૫.૨૫ ભેટ મળ્યા છે. સા. સ્વીકાર.
***Ravjibhai Gandabhai Chaunhan passed away at the age of 76 years. Donation of £25.25 Received from his family.***
***69 Astree Road, Oadby, Leicester.***

૩ ગં.સ્વ મણિબેન જગુભાઈ ચાવડા (એના વાળા) ૭૧ વર્ષની ઉંમરે દેવલોક થયા છે.
***Mrs. Maniben Jagubhai Chavda passed away at the age of 71 years.***
***50 New Parks Boulevard, Leicester. LE3 9SA***
***Tel. 0116 287 3103***

૪ ગં.સ્વ. ગોદાવરીબેન દલપતભાઈ લાલા (બ્રેડફોર્ડ) ૮૨ વર્ષની ઉંમરે લેસ્ટર મુકામે દેવલોક થયા છે. એમના પુણ્યાર્થે એમના પરિવાર તરફથી £૨૫.૨૫ મંડળને અને £૨૫.૨૫ મહીલા મંડળને ભેટ મળ્યા છે. સાભાર સ્વીકાર.
***Mrs. Godavariben Dalpatbhai Lala (Bradford) passed away at the age of 82 years. Donation of £25.25 for main mandal & £25.25 for Mahila Mandal Received from her family.***
***The Uplands, 45 The Ridgeway, Rothley, Leicester. LE7 7LE TEL 0116 230 3050***

૫ શ્રી બચુભાઈ ઈશ્વરભાઈ ચૌહાણના કાકા શ્રી. હરગોવિંદભાઈ લક્ષ્મીદાસ ચૌહાણ (લુટનવાળા) ૯૧ વર્ષની ઉંમરે દેવલોક થયા છે. એમના પુણ્યાર્થે £૧૧.૨૫ ની ભેટ શ્રી. બચુભાઈ તરફથી મળી છે. સા. સ્વીકાર
***Shri. Hargovindbhai Laxmidas Chauhan of Luton passed away at the age of 91 years. Donation of £11.25 received from Bachubhai Thanks.***
***10 Douglas Road, Luton, Bedfordshire. LU4 8EB***
***Tel 01582 505 343***

૬ શ્રી છોટુભાઈ ડાહયાભાઈ પરમાર (એના વાળા) ૬૯ વર્ષની ઉંમરે દેવલોક થયા એમના પુણ્યાર્થે £૧૦ ભેટ મળ્યા છે. સા. સ્વીકાર
***Shri. Chhotubhai Dahyabhai Parmar passed away at the age of 69 years. £10 donation received from the family.***
***25 Harrowgate Road, Leicester. LE4 6GS***
***Tel: 0116 266 5152***

**અવસાન નોંધઃ**

**૧)** લેસ્ટર નિવાસી હાલ મીલ્ટનકીન્સ નિવાસી શ્રી ઉમેદભાઈ વલ્લભભાઈ સુરતી, ૫૮ વર્ષની ઉંમરે, સોમવાર તા ૦૪.૦૨.૦૮ ના રોજ દેવલોક થયા છે. એમના પુણ્યાર્થે ગઃ સ્વ. રમિલાબેન સુરતી પરિવાર તરફથી £10.25 મંડળને ભેંટ મળ્યા છે. સા. સ્વીકાર.
*138 Bradwell Common Boulevard, Bradwell Common, Melton Keynes.*

ઉપરોકત દરેક સદગત્‌નાં આત્માને દયાળુ પ્રભુ ચિરઃ શાંતિ આપો ૐ શાંતિ શાંતિ શાંતિ.

### અગત્યની સુચનાઃ

ઘણા બધા ભાઈ-બહેનો મંડળને વાસણો દાનમાં આપો છો. તે બદલ આભાર. પરંતુ એક વિનંતી એ છે કે મંડળને વાસણ આપતા પહેલાં મંત્રીશ્રીનો સંપર્ક કરી પુછો કે, કેવા વાસણની જરૂર છે? જેથી તમોને કહી શકીએ કે કયા અને કેટલા વાસણની જરૂર છે. બિન જરૂરી વાસણો પડયા રહે જેને આપણે સાચવવાની જગ્યાની મુશ્કેલી છે. જેથી વાસણો આપવા પહેલાં મંડળને જરૂર પૂછો.

### મહાસભા સીંગલ નાઈટ પ્રોગ્રામ

મહાસભા સીંગલ નાઈટ પ્રોગ્રામ શનિવાર તા. ૮.૧૧.૦૮ ના રોજ ૬.૦૦ વાગ્યે સાંજે બર્મીંગહામ મુકામે સેકન્ડ સીટી સ્યુટ હોલમાં રાખેલ. ટીકીટ ફકત £૨૫. વધુ વિગત માટે મહાસભા સેક્રેટરી શ્રી. બીપીન પરમારનો સંપર્ક કરો.

### Mahasabha Single Night Gathering.

*This programme will be held on Saturday 8.11.08 at 6pm at Second City Suite, Birmingham. Those persons wishing to participate must contact Mahasabha Gen. Sec. Mr. Bipin Parmar, 3 Wike Ridge Court, Wigton Park, Alwoodley, Leeds. LS17 9NX, Tel: 0113 269 1226 Mobile: 07841 719 703 Email: bipin_101@yahoo.com*

*Tickets for Entry £25.*

### MAHASABHA DIWALI PROGRAMME 2008

Mahasabha's Diwali programme will be held on **Sunday 2nd November 2008 at 11.00a.m.** This programme will be held at **4 New Bingley hall, Hockley Circus, Birmingham. 18.**
The Diwali programme will include a three course meal with waiter service and entertainment will be provided by live music.

The entrance fee will be £15 per person to include the lunch. Tickets will be on sale during Navratri.

---

Please note the money received from Joshnaben & Vasantbhai for Yoga lessons held in our GAA Hall, for year 2002, 2003, 2004, 2005, 2006 & 2007.

## Receipt No 02833 Dated 06/02/2006

Total received £1430.00

| | |
|---|---|
| Profit received for year 2002:- | £144.00 |
| Profit received for year 2003:- | £327.00 |
| Profit received for year 2004:- | £503.00 |
| Profit received for year 2005:- | £456.00 |
| **Total profit received:-** | **£1430.00** |

## Receipt No 0914 Dated 14/03/2008

Total received £3936.00 (£1866 + £2070 = £3936)

| | |
|---|---|
| (Total for year 2006 two classes | £4516.00) |
| (Less paid to Tutor for year 2006 | £2650.00) |
| **Profit received for year 2006:-** | **£1866.00** |
| (Total for year 2007 two classes | £5385.00) |
| (Less paid to Tutor for year 2007 | £2650.00) |
| **Profit received for year 2007:-** | **£2070.00** |

**Prepared by Babubhai Rathod (Treasurer)**
**28th June 2008**

# GUJARATI ARYA ASSOCIATION - LEICESTER

CHARITY REGISTRATION No. 515632

**49 HILDYARD ROAD LEICESTER • LE4 5GG • TEL : 0116 261 1793**



PRESIDENT:
CHIMANBHAI B. CHAMPANERIA
1 WAVERTREE DRIVE,
LEICESTER LE4 7NX
TEL : 0116 221 84 36

SECRETARY:
MUKESHBHAI C. BULSARA
56 ENGLEFIELD ROAD
LEICESTER LE5 6PG
TEL : 0116 241 2303


# ARYA PATRIKA


ISSUE No. 238 www. gaa-leicester.com AUGUST 2008


Dear gnati brother, sister, children and elders.

## GENERAL MEETING

The General Meeting of our Association and our G.A.A. Sports and Social Club is to be held at our Centre on Friday 22nd August 2008 at 7.00p.m. All the community members are requested to attend this Meeting.
Agenda for the meeting will be as follows:

1) Prayers
2) Approve the minutes of last General Meeting
3) Approve the accounts and Treasurer's Report 2007
4) Building Project
5) Any other matters

Please note this is your community and it is important that you participate in its growth and advancement. Bring your family and friends from the community.

## HALL RENT

Having not increased the hall rent for the past three years, and with the increase in gas and electricity overheads, the committee has now decided to increase the hall rent. Further details are available at the booking office at the Centre.

## MEMORIAL GATHERING FOR THE DEPARTED

It is customary for us to pay respect to the departed at their families' homes. This tends to carry on sometimes at unsocial hours as well as for a long time after the day of death. Bearing in mind trauma of the death in family and prolonging this pain by visiting the family for a long period after the day of death, the committee has decided to provide facility at our hall so that everyone connected to the departed can now pay their respects at a memorial gathering to be organised at our hall. This will enable everyone to pay their respect in one go. The facilities for use of our community hall, subject to availability, are now provided by our committee for a memorial gathering as well as for barmu and termu ceremonies. The information about such memorial gathering can be given to the secretary so the hall can be booked. This facility is also being arranged at our centres in Birmingham and London. The facilities at Leicester Centre is also available to our community in Derby, Coventry, Nottingham, Wellingborough and Melton Mowbray. Due to high prices of gas, electricity and water bills, we humbly request generous donations to cover any costs incurred, all donations will be gratefully received.

GUJARATI ARYA ASSOCIATION - LEICESTER
CHARITY REGISTRATION No. 515632
**49 HILDYARD ROAD LEICESTER • LE4 5GG • TEL : 0116 261 1793**

# ARYANS SPORT

**www. gaa-leicester.com www.aryansports.co.uk**

## Mahasabha Football Tournament 30th March 2008 - Loughborough University

| | Winners | Runners-Up |
|---|---|---|
| Seniors | Leicester | Leicester |
| Forty & Over | Leicester | Preston |
| Ladies | Birmingham | Leicester |
| Sixteen & Under | Birmingham | Birmingham |
| Twelve & Under | Leicester | Leicester |

This year we had the football tournament held more centrally in order to encourage more centres to join in the annual event.

As usual Leicester came out to be the best centre to win 12 trophies from a possible 16 trophies for grabs. Congratulations to all the players and spectators for a fantastic events.

## Mahasabha 6 a-side Cricket Tournament 29th June 2008 - Western Park

Congratulations to all participants and spectators, and further congratulations to the winners Luton, with Leicester runners up.

## Up and Coming Events

**Aug 31 08** Mahasabha Rounders Competition - South Leicestershire College
**Rounders Training - Every Sunday 10am - 12 noon, Rushey Fields**
**email Bindu, bc64@fsmail.net or contact 07921 211 418**

**Sept 7 08** Sports AGM - GAA Hall, Leicester
The AGM Election is to be held this year, please give us your support by attending and elect a person who will carry the club forward into the next generation.

**Sept 14 08** Pool Competition - Club 147, Leicester

**Sept 21 08** Mahasabha Pool Competition - Club 147, Leicester

**Nov 08** Snooker Competition - Club 147, Leicester

**Dec 7 08** Mahasabha Snooker Competition - Club 147, Leicester

**Mahasabha Cricket Fixtures 2008**

| | | |
|---|---|---|
| 22nd June 2008 | Away to Birmingham | - Win |
| 6th July 2008 | Birmingham (Home) | - Win |
| 27th July 2008 | Away to Birmingham | |
| 10th August 2008 | Birmingham (Home) | |

**This year Aryans Sports are organising the New Years Eve Dinner & Dance on Wednesday 31st December 2008 at our Hall, Please buy your tickets well in advance to avoid disappointment.**

*Please forward these details to all youth members and for further information and contact details, please visit* ***www.aryanssport.co.uk***